## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

રંગ જેવા મને શ્વાસ દે , ફૂલ જેવો જ અહેસાસ દે !
આ ઉદાસીનું કારણ કહે, કા પછી સ્મિત તું ખાસ દે !
- સ્નેહલ જોષી

### પાથેય

- રમેશ ઠક્કર

# કિસ્મતનો કિમીયો...

આપણે જેને સદભાગી માણસો સમજીએ છીએ એમની વિશેષતાઓ ઘણી હશે પણ એ બધામાં એક બાબત સામાન્ય હોય છે..એ લોકો સામે આવતા કોઈપણ કામને ટાળતા નથી... મુસીબતો સામે મકકમ રહેવું એમનો મુદ્રાલેખ બની જાય છે. સામાન્ય માણસ ગમતી કેડીએ જ ચાલતો રહે છે... સ્હેજ વળાંક આવે કે ઝાડી ઝાંખરાં આવે એટલે એ દિશા બદલી નાખે છે.અડચણોને અતિક્ર્મી જવાનો ઈલમ એવો છે કે એ તમને સતત નવું શીખવે છે નવું જોમ આપે છે. માણસમાં રહેલી સુષુપ્ત શકિતઓ આવા સમયે જ બહાર આવતી હોય છે.

સતત કામ કરતા રહેવું એ બડભાગી હોવાની નિશાની છે..કામ કરતાં ધ્યાન રાખવા જેવી એક જ બાબત છે કે કામ ઉપર આપણે સવારી કરવાની છે કામ જો માણસ ઉપર સવાર થઈ જાય તો એ ચોક્કસ ખુવાર થઈ જતો હોય છે.દરેક માણસની કામ કરવાની એક ક્ષમતા હોય છે. પરંતું એ ધારે તો એમાં થોડાક વધારે પ્રયત્નો થકી વધારો કરી શકે છે.અને એ રીતે કામ ઉપર એ મનગમતી સવારી કરી શકે છે..મુનશી પ્રેમચંદનું એક વાકય છે‘ફકત ખાવું અને સુવું એનું નામ જ જીવન નથી,જીવન નામ છે હંમેશાં આગળ વધવાના ઉત્સાહનું.’

કામ કરવાની બાબતમાં બે પ્રકારના માણસો જોવા મળે છે..એક એવા જે ફક્ત ચિંધેલું કામ જ કરે..કામ ઝટપટ કઇ રીતે આટોપી લેવું એ જ એમની વૃત્તિ હોય છે.બીજા એવા હોય છે જે સોંપવામાં આવેલું કામ તો અચૂક કરે જ છે પણ એ કામને વધારે સારો ઓપ કઇ રીતે આપી શકાય એ માટે થોડાક વિશેષ પ્રયત્નો પણ કરતા રહે છે.આવા લોકો સ્વયં સ્ફૂરિત હોય છે.આ બંને પ્રકારના લોકો વચ્ચે જે પાયાનો ફરક હોય છે એ એમના ઉત્સાહ અને કામમાંથી આનંદ લેવાની બાબતોનો હોય છે..માણસ જયારે એક કદમ આગળ જઈને કોઈપણ પ્રવૃત્તિને થોડીક વધારે વેગથી આગળ વધારે છે ત્યારે એ અન્ય કરતાં અનેક ડગલાં આગળ વધી જતો હોય છે..રૂટિન રીતે કામ કરનારા લાખો મળશે પણ પોતાની આગવી રીતે કામ પ્રત્યે વધારે પ્રયાસ કરનારા હંમેશાં એમાંથી મળતો આનંદ કે ઉપહાર વધારે પ્રાપ્ત કરી શકતા હોય છે.

આપણા માટે કોઈને કોઈ કામ કરવું અનિવાર્ય હોય છે.ઘણા લોકો સવારે શરૂઆત કરે ત્યારે જ નિરસ રીતે આગળ વધે છે.અને એ રીતે એ તુરત થાકી જાય છે.થાકેલો માણસ સામે આવતા કામનું મૂલ્ય સમજી શકતો નથી..આપણી સામે અનેકવિધ જવાબદારીઓ પડેલી હોય છે.ઉત્સાહી માણસ પાસે એની યાદી હોય છે.એ શાંત ચિત્તે એનો અગ્રતાક્રમ નક્કી કરે છે..જે કામ સરસ હોય એ વાતવાતમાં કરી લેવાં. કેટલાંક કામો થોડાક વિચાર પછી કરવા જેવાં હોય છે..કોઈપણ કામ હોય એ માત્ર કરવા ખાતર કરવા જેવું નથી હોતું..માત્ર ભાર ઓછો કરવા થતી મથામણ અંતે તો વિશેષ બોજ બનીને માણસ માટે સંતાપ બની જતી હોય છે.કામને આટોપવા માટે એમાં લીધેલો રસ એ મહત્વની બાબત બની જાય છે.

જે માણસ પોતાના ભાગે આવતું કામ સવાયા પ્રતિભાવથી કરે છે એને નામ દામ અને દમામ આપોઆપ મળે છે..એ રીતે એ પછીનાં કામ પણ એ બેવડા ઉમંગથી કરતો રહે છે..શુષ્ક રીતે કામ વેપારીઓ માણસ વાતવાતમાં અટવાઈ જાય છે..એ રીતે કામનો ઢગલો એની ઉપર ફેલાઈ જાય છે..જિંદગીની રેસમાં ઉત્સાહી માણસો આગળ નિકળી જતા જોવા મળે છ..એમની સિધ્ધિઓ કે સફળતા થકી આપણે એમને ભાગ્યશાળી માની કિસ્મતનો ખેલ સમજતા રહીએ છીએ.હકિકતમાં એમની ભાગ્યરેખા એમના ઉત્સાહી રંગોથી અંકાયેલી હોય છે..કામ જયારે બોજો બની જાય છે ત્યારે માણસ આપોઆપ એક ડગલું પાછળ પડી જતો હોય છે.

# ધીરી બાપુડિયાં

**તંત્રીસ્થાનેથી...**

કોંગ્રેસમાંથી જે કોઈ ભાજપમાં પ્રવેશવા માગતું હોય એના માટે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખે લાલ જાજમ પાથરી રાખી છે. કોંગ્રેસ પાસે રાષ્ટ્રીય કે પ્રાદેશિક સ્તરે અસરકારક નેતૃત્વ અને ચૂંટણીમાં સારો દેખાવ કરી સત્તા સુધી પહોંચવાની ક્ષમતા નહીંવત હોવાની પ્રતીતિ કરાવવામાં ભાજપની સર્વોચ્ચ નેતાગીરીને મહદંશે સફળતા સાંપડી છે. પંજાબના પીઠાસીન મુખ્યમંત્રી અમરિંદરસિંહને પદ છોડવા મજબૂર કરનાર કોંગ્રેસની પરિવાર ત્રિપુટી માટે હવે પાર્ટીનો સંપૂર્ણ રકાસ જોવાના દહાડા આવ્યા છે. સ્તર વગરના નેતાઓથી ઊભરાતા સત્તાધારી પક્ષને કોંગ્રેસમાંથી સ્તરીય નેતાઓની આયાત કરવાની ચાનક ચડી છે. જો કે એમને અત્યારે આવકારીને આવતીકાલે તો પગરખાંમાં જ બેસાડવાના છે. કોંગ્રેસ છોડીને ભાજપનો ખેસ પહેરનારાઓનો આ અનુભવ પણ કોંગ્રેસ છોડી ભાજપમાં પ્રવશવા ઉત્સુક આગેવાનોના ધસમસતા પ્રવાહને રોકી શકતો નથી કારણ કે હવે પછીનાં પાંચ વર્ષ દરમિયાન જે કંઈ મળે તે મેળવી લેવાની એમને ઉતાવળ આવી ગઈ છે. શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ છોડીને ભાજપને ગુજરાતમાં ગત ચૂંટણીમાં સત્તારૂઢ થવામાં ઈમાનદારીપૂર્વક મદદ કરી પણ એકવાર ભાજપના સર્વોચ્ચ નેતાગણમાં ગણાતા ક્ષત્રિય નેતાને પોતાના જુનિયરો સાથે હાથ જોડીને ઊભા રહેવામાં લાજ આવી. એથી એ ચુપચાપ એમના ‘વગડા’ માં ‘વિહાર’ કરી રહ્યા છે. ફરી પાછા કોંગ્રેસમાં જવાની ઈચ્છા દર્શાવી હોવા છતાં પરિવાર ત્રિપુટીએ એમને આવકારવાનો ઉત્સાહ દર્શાવ્યો લાગતો નથી નહીંતર વાઘેલા એક ‘માસ લીડર’ તરીકે ગુજરાત કોંગ્રસેનું ડૂબતું નાવ બચાવવામાં જરૂર ટેકો કરી શકે એમ હતા. હવે તો એમના ક્ષત્રિય સમાજના જ ‘લઘુ નેતા’ એ ટિકિટ નહીં મળતી હોવાના દર્દની નિખાલસ કબૂલાત કરી જેને અત્યાર લગી કહેવાય એટલા કડવા શબ્દો કહેલા એ જ પાર્ટી અને એ જ નેતાઓનું શરણું શોધ્યું છે. રાજકીય પાર્ટીઓએ ડિકશનરીમાં ન જડે એવો એક શબ્દ બનાવ્યો છે. ‘’ ‘વિનેબિલિટી’ - જીતવાની ક્ષમતા. કયારેક ભાજપના પૂર્વ મુખ્યમંત્રી અને સંઘ કનેકશન નહીં ધરાવતા સૌમ્ય નેતા સુરેશ મહેતાએ ઉમેદવારોને એમની ‘વિનેબિલીટી’ ચકાસીને ટિકીટ આપવામાં આવશે એવું નિવેદન કરેલું તે યાદ આવે છે. આ ‘વિનેબિલીટી’ ના વિવિધ આયામો હોય છે. ચૂંટણીની ભાષામાં હવે ‘મની પાવર’ અને ‘મસલ પાવર’ ઉપરાંત ‘જ્ઞાતિ સમીકરણ’ જેવા શબ્દો બહુ પ્રચલિત થઈ ચૂક્યા છે. કાર્યકર સારો વકતા હોઈ શકે, ઊંચી શૈક્ષણિક લાયકાત કે સર્જનાત્મક શક્તિ ધરાવતો પણ હોઈ શકે પણ જો એની પાસે ‘વિનેબિલિટી’ માટે જરૂરી તત્ત્વો ખૂટતાં હોય તો એને પ્રવક્તા તરીકે જ અથવા બહુ બહુ તો પાર્ટીના વરિષ્ઠ હોદ્દેદાર તરીકે રહી સંતોષ માનવો પડે. બની શકે કે એને સત્તા પર આવે તો પાર્ટી કૅબિનેટ રેન્કનો દરજ્જો આપીને કોઈ પંચ, કોર્પોરેશન કે બોર્ડનો કર્ણધરા બનાવે ! અરે, એનો રાજયસભામાં પણ નંબર લાગી શકે, પરંતુ જયાં સીધેસીધું મતનું ગણિત આવતું હોય ત્યાં તો ‘શંકરજી ઓખાજી’ પરિવાર જ ચાલે. પછી એ કોંગ્રેસ હોય કે ભાજપ. એ ‘વિનેબિસિટી’ જ માધવસિંહ સોલંકીન પરિવારને પ્રદેશ કોંગ્રેસના કેન્દ્ર સ્થાને રાખતી રહી હતી. એ મુદ્દે જ સાબરકાંઠા લોકસભાની બેઠક શંકરસિંહ વાઘેલા જેવા પ્રતિષ્ઠિત અને લોકપ્રિય નેતા વિરુદ્ધ ઠાકોર સમાજના અલ્પશિક્ષિત અને સાવ સાધારણ કક્ષાના દીપસિંહ રાઠોડ જંગ જીતી શકે. મોદી ભલે હિંદુત્વના મુદ્દે અને અંબાણી-અદાણી-ટાટાના જોર પર સર્વોચ્ચ નેતા બની રાજ કરતા હોય પણ એ ઉમેદવારોના ચયનમાં તો એ માટેના જાણીતા માપદંડોને જ અગ્રતાક્રમે મૂકતા રહ્યા છે. કોંગ્રેસમાંથી વિશિષ્ટ જ્ઞાતિપ્રભાવ ધરાવતા નેતાઓને ખેંચી લઈને પાછા હાંસિયે ધકેલવાની કળા પણ ભાજપના શીર્ષસ્થ નેતૃત્વને ગળથૂથીમાં મળેલી છે.

# મૈત્રીના અજવાળાને પ્રતિબળ ઝીલતા રહીએ

અજવાળું - અજવાળું
તુષાર જોશી



‘આ માણસ એક મિત્ર તરીકે આખી જિંદગી સાચવવાનું મન થાય અને એની દોસ્તીનો અહેસાસ અનુભવીએ એવું અમૂલ્ય ઘરેણું છે.’ ગાંધીનગર સ્થિત સ્વજન મનોજ શુક્લએ આ વાક્ય જેમના માટે કહ્યું એ વ્યક્તિ એટલે વાસુદેવસિંહ સરવૈયા. ભાવનગરમાં રહીને એમણે આખાયે દેશના ખૂણે ખૂણે દોસ્તીનો સેતુ બાંધ્યો છે.

મૂળ ગામ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાનું સાંગાણા. માતા હીરાબા અને પિતા જીતુભાનું સંતાન વાસુદેવસિંહ સરવૈયા એટલે પળપળ પ્રકૃતિનો અને મૈત્રીનો માણસ. સાહસ અને સંવેદનાનો માણસ. કસરત અને કલાપ્રેમી માણસ, વોકિંગ અને વહાલાનો માણસ.

ભાવનગર યુનિવર્સિટીમાં મારા અભ્યાસ સમયે વિદ્યાર્થી કલ્યાણની પ્રવૃત્તિઓના ભાગરુપે યોજાતા રમતગમત અને સાંસ્કૃતિક આયોજનોના ભાગરુપે થયેલા એમની સાથેનો પરિચય આજે પારિવારિક સ્નેહની ભીનાશ સાથે ચારેક દાયકાનો સમય પસાર કરીને અમૂલ્ય એવો દોસ્તીનો વૈભવ બની રહ્યો છે.

સાત ધોરણ સુધી સાંગાણામાં ભણ્યા, ને ૮ થી ૧૦ ઠળીયાની શાળામાં ભણ્યા, એ દિવસો યાદ કરતા વાસુદેવસિંહ કહે છે ‘એ સમયે શાળાએ જતાં આવતા રોજ બાર કિલોમીટર ચાલતો, ત્યારથી ચાલવાની આદત પડી ગઈ ને મારી ઈચ્છા છે કે જીવનના અંતિમ શ્વાસ સુધી ચાલતો જ રહું, ચાલતો જ રહું’

આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ને શામળદાસ કૉલેજમાં ભણ્યા, બી.એ. એ એમ.એ, એસ.એસ. બી ડીપ્લોમાં ઈન જર્નાલીઝમ, ડીપ્લોમા ઈન પાોપયુલેશના એજ્યુકેશન,ડીપ્લોમા ઈન ફુડ એન્ડ ન્યુટ્રીશીયન, ડૉકટર ઓફ નેચરોપથીનું ભણ્યા. હસતા હસતા વાસુદેવસિંહ કહે છે, ‘હું ભાવનગર યુનિવર્સિટીમાં તેર વર્ષ ભણ્યો. મારું શાહબુદ્દીન રાઠોડની વાતના પાત્ર વનેચંદ જેવું છે, બધા સાથે હું ભણ્યો !’

અમારી ચાર દાયકા જુની દોસ્ત નલીની કહે છે, ‘એને પૂછો કે તમે નોકરી કયાં ને કેટલી કરી ? તો એના જવાબમાં અસ્ખલિત હસતા હસતા વાસુદેવસિંહ કહે છે ‘એનું યે લાબું લીસ્ટ છે, હીરા ઘસ્યા, હોમગાર્ડ ડ્યુટી કરી, પોલીસમા, પોસ્ટમાં, તલાટીમંત્રી રુપે, આરોગ્ય વિભાગમાં... આટલી નોકરી કરી.’

હવે આટલા વ્યાપ પછી આ માણસના આટલા બધા દોસ્તો હોય જ, તો એમાં એમના રસના વિષયો ઉમેરીએ એટલે દોસ્તોનું વર્તુળ વધુ મોટું થશે. એન.સી.સી., એન.એસ.એસ., વ્યક્તિત્વ વિકાસ, યુનિ.ની વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ, યોગ, સાહસ, ટ્રેકીંગ, પર્વતારોહણ સાઈકલ, આધ્યાત્મિક, શ્રમ, રાજકારણ, રમતગમત, સામાજિક અને રાષ્ટ્રીય એકતા, સંગીત.

આપણે ચકરાવે ચડી જઈએ કે આ વાવા અનેક ક્ષેત્રોમાં સતત જીવંત કેમ રહી શકતો હશે ?

આ પ્રશ્નના મૂળમાં છે એમની સહજ અને નિઃસ્વાર્થ દોસ્તી, માનવતા, શોખ, પત્ની અને પરિવારનો પ્રેમ, ને પરમાત્માની કૃપા. એમના પત્ની જે હમણાં જ શિક્ષિકા તરીકે નિવૃત્ત થાય એ માયાબા એમના દાંપત્ય જીવનના દિવસોને યાદ કરતા કહે છે ‘સવારે યુનિ. ગ્રાઉન્ડ પર જાય, આખો દિવસ નોકરી કરે, જમીને પાછા તમારા જેવા કલાકારોના કાર્યક્રમોમાં જાય, રાત્રે.... કહો કે વહેલી સવારે જ તે સમયનું સૌરાષ્ટ્ર સમાચાર (હવે દિવ્ય ભાસ્કર) અખબાર વાંચીને ચા-નાસ્તો કરીને ઘરે આવે, બહારગામ જાય તો કયારે પાછા આવે એ તમારા ભાઈબંધ જ જાણે !!! ભાઈ બંધોને ઘરે જમવા બોલાવે ને એ તો પાછા બહાર હોય...’ વાતના દોરમાં જોડાતા મારા પત્ની મનીષાએ કહ્યું ‘તે તમે વાસુદેવસભાઈને કાંઈ કહ્યું નહિ?’ એટલે હસતા હસતા કહે ‘આ બધાય ભાઈબંધો સરખા જ છે, તમારા અનુભવો કયાં જુદાં છે ?’

વાસુદેવસિંહ એના જવાબમાં કહે છે ‘મારા પત્નીના કારણે મારી પ્રવૃત્તિ - સંબંધોને શોખ સચવાયા છે.’

દીકરો કીશન પર્યાવરણ ક્ષેત્રે કારકિર્દી બનાવીને આગળ વધી રહ્યો છે. પણ કયાંયે પોતાના નામનો ઉપયોગ નથી કરતો એનું ગૌરવ વાસુદેવસિંહને છે, પૂત્રવધુ નીધિ તો હોંશે હોંશે કહે છે કે હું પિયરમાં સચવાતી હતી એથી વધુ વાત્સલ્ય સાથે અહીં સચવાઉં છું.’

વાસુદેવસિંહના લગ્ન સમયે જે મળે એમને એમણે નિમંત્રણ આપ્યા હતા ને એ બધાયે આવ્યા પણ હતા, દીકરાના લગ્નમાં પણ એ જ સીલસીલો કાયમ

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- કસ્તુરબા મોહનદાસ ગાંધીની પુણ્યતિથિ.
- ૧૯૧૭માં આ જ દિવસે વિખ્યાત ગુજરાતી શાયર અબ્બાસ અબ્દુલ અલી વાસી એટલે કે મરીઝનો જન્મ થયો હતો. પોતાની ગઝળો માટે અત્યંત લોકપ્રિયતા મેળવનાર આ શાયરને ૧૯૮૪માં પ્રેમાનંદ સુવર્ણચંદ્રક મરણોત્તર એનાયત થયો હતો.

આજનું
### ઔષધ

- ભોયરીંગણીનું ચૂર્ણ મધ સાથે ચાટવાથી ચૂકી ઉઘરસ મટે છે.

### ખડખડાટ


- ‘માર્ગદર્શન’ એટલે શું? રસ્તા ઉપર આવતા જતા ચાલુ વાહને બહારથી જ મંદિરના ભગવાનના દર્શન કરી લે એને ‘માર્ગદર્શન’ કહેવાય.

આજનો
### વોટ્સએપ

- સ્મિતની સોગાદ આપવી એ પણ માનવીની શ્રીમંતાઈ છે.

# આ લેખ રીડવા જેવો ખરો હો !

વિચારયાત્રા
ડો. જય ઓઝા



અંગ્રેજી માધ્યમના પહેલા ધોરણમાં ભણતા એક છોકરાની મમ્મી તેને કૃષ્ણની વાર્તા કહેતી હતી.’’ કૃષ્ણનો રંગ ડાર્ક હતો.તેને બટર બહુ ભાવે, ફ્રીજ ખોલ-બંધ કરે અને બટર ખાઈ લ,આખો દિવસ બોલથી રમ્યા કરે, એક દિવસ બોલ રિવરમાં પડ્યો... અને વાર્તા આગળ ચાલતી ગઈ.

અંગ્રેજોએ આપણા પર ઘણો સમય શાસન કર્યુ, અંગ્રેજો ગયા અને અંગ્રેજી મૂકતા ગયા. અહીં અંગ્રેજી ભાષા સામે વિરોધ નથી. સોરી અને થેંક યુ,પ્લીઝ અન એકસક્યુઝ મી વગર આપણને ચાલતુ નથી, વાંધો શબ્દો સામે નથી,પણ તેને બળજબરીથી વાપરવાની ઘેલછા સામે છે.

‘ભદ્રંભદ્ર’નો પાઠ ભણવામાં આવતો ત્યારે ‘મોહમયીનગરીની બે મૂલ્યપત્રિકા’ વાળો સંવાદ હાસ્ય ઉપજાવતો.આપણે માતૃભાષાનું જતન ભદ્રંભદ્રની પેઠે નહીં પણ માની જેમ કરવાનું છે.આપણી લાગણી,સંવેદના આ બધુ માતૃભાષા સાથ જ સંકળાયેલું છે.

અંગ્રેજીની લીટી નાની કરવાના બદલે ગુજરાતીની લીટી મોટી કરોને! ગુજરાતી ભાષા મરવા પડી છે એવી કાગારોળ સાંભળીએ છીએ,ગુજરાતી શાળાઓ બંધ થતી જાય છે,આને માટે જવાબદાર કોણ? શાળા સંચાલકો, આચાર્યો કે શિક્ષકો?

આ માટે વિશેષ જવાબદાર છે મા-બાપ પોતે. દરેકનો આગ્રહ છે કે મારા સંતાન અંગ્રેજીમાં ભણે. બધા એમ જ માની બેઠા છે કે અંગ્રેજી નહીં ભણે તો એનો ભાવ નહીં પૂછા. જે અભિવ્યક્તિ જે વર્ણન માતૃભાષામાં થઈ શકે છે તે અંગ્રેજીમાં શકચ નથી. આપણી લોકબોલીમાં જે પ્રાણશક્તિ છે તે અંગ્રેજીમાં નથી. રવીન્દ્રનાથ ટાગોરે પણ સૌપ્રથમ માતૃભાષા બંગાળીમાં જ લખ્યું, પછી તેનો અનુવાદ કરી વિશ્વ સમક્ષ મૂકચો. મા, માતૃભાષા અને માતૃભૂમિ બદલી શકાય નહીં.

નવી પેઢીનો બાળક ‘ધીંગાણું’ શબ્દ વર્ગમાં પ્રયોજાય ત્યારે બાઘો બની જોયા કરે છે. મેઘાણી, મડિયા કે પન્નાલાલ પટેલના પાઠ જયારે ભણાવીએ ત્યારે તે કથામાં આવતાં તળપદા શબ્દ સમજાવવા ભારે પડી જાય છે.‘પાળીયો’ શબ્દ એ બાળકને સમજાતો નથી. ‘પાદર’ એણે જોયું નથી.

અમુક શબ્દો, અમુક વર્ણન જે આત્મીયતાથી માતૃભાષામાં સંભવે છે, તેવી સમર્થતા બીજા પાસે નથી.‘હડિયા પાટી’ કરવી એટલે દોડાદોડી કરવી, પણ હડી કાઢવામાં જે ગતિ છે, તે રનિંગ શબ્દમાં નથી. અદલોદલ ‘હડિયાપાટી’નો અર્થ બરાબર સ્પષ્ટ કરે તેવો કયો અંગ્રેજી શબ્દ છે?

આજની પેઢી જો માતૃભાષાથી વિમુખ થઈ જશે તો આવા તળપદા શબ્દોની સુંદર્તા જ નષ્ટ થઈ જવાની. વળી પાછા અંગ્રેજી માધ્યમમાં ભણતા છોકરા તૈયાર થાય, પછી શેક્સ્પિયર નથી વાંચતા, ગટે કે ચાર્લ્સ ડિકન્સથી તેઓ દૂર જ હોય છે,વર્ડઝવર્થની કવિતાનૂ સૌદર્ય તેઓ નથી માણી શકતા,કારણકે એની માટે પહેલાં કલાપી કે ઉમાશંહર જોષીની રચનાઓ સમજવી જરૂરી છે.તેમને શેમાં રસ છે? ગોસિપ અને ક્રાઈમ સ્ટોરીમાં,અને જયાં ને ત્યાં પોતાને અંગ્રેજી આવડે છે’ તેની છાપ મૂકવામાં રસ હોય છે.

ગુજરાતી ખૂબ ભાવવાહી અને સંવેદનશીલતા આપણામાં આણનારી માતા છે. આપણે ગુજરાતીને ઉપેક્ષિત કરીશું એટ્લે આપણો વિનાશ નક્કી જ સમજવો. બાળકને મૂલ્યપરક પાઠ ભણાવવા હોય તો માતૃભાષા આવશ્યક છે. માતૃભાષાવિહોણું બાળક ભવિષ્યમાં લાગણીવિહોણું બનીને જો મા-બાપને ઘરડાઘરનો રસ્તો દેખાડે તો તેમા એમનો દોષ જરાય નથી. દોષ આપણો છે.

આપણે કેવું ગુજલિશ બોલીએ છીએ..તે જોઈએ. અમે તો બહુ ફાઈન છીએ. તમે કેમ છો? હાઉ આર યુ? ઈવનિંગ ટાઈમે વોક લેવાની બહુ મજા આવે છે. એટ્મોસ્ફિયર બહુ પ્લેઝન્ટ છે. સાચુ કહુ તો આઇ હેવ નો ટાઈમ. અમે ટ્યુઝડેના તો ભદ્રકાળી ટેમ્પલ જઈએ જ.અને સન્ડે ના અક્ષરધામ. એન્ડ યુ નો ઓફિસ જવાની પ્રિપ્રરેશન,ફોન અને ફાઈલ્સ.રવિવારે ડિનર તો બહાર જ લેવાનું. હાય... ફલાણા... બાય ઢીકણા.... ઓકે રાઈટ... સોરી બ્રધર... ઓ શીટ્સ....

બાપરે તોબા .... સહજ રીતે અંગ્રેજી શબ્દો આવે એનો વાંધો નથી પન જે રીતે આવે છે તેનો વાંધો છે. આવું અંગ્રેજી બોલીશું તો આપણો વટ પડી જશે,આવા વહેમમાં રહીને આપણે ગુજરાતીઓએ જ ગુજરાતી ભાષાને પીંખી નાખી છે.

અંગ્રેજી સારી રીતે બોલવું હશે તો સૌપ્રથમ માતૃભાષા સાચી રીતે બોલવી પડશે.બારમા ધોરણમાં અમને અંગ્રેજી ભણાવવા એક સાહેબ આવતા એ વાતે વાતે અંગ્રેજી શબ્દો કારણ વગર વાપરે રાખે.અમને કહ્યા કરે,જુઓ આટલું રીડ કરીને પ્રિપેર કરો,પછી ટુમોરો હું આવીશ ધેન તમે આની ટેસ્ટ આપજો.ઓ.કે. !! મારે હજી ઈટ કરવાનું બાકી છે. હું જાઉં છું. બાયપ અમે સામે જવાબ આપતા ઓ.કે. સર. અમે બધુ રીડી લઈશું તમે ઈટી આવો અમારે પણ ઈટવા જવાનું બાકી છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# એ દિવસે પલાશે રોનકના ગુસ્સાને માર્ગ આપવાનું મોટુ કામ કર્યું...

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com



ઘટનાને મૂલવવાનો દ્રષ્ટિકોણ વ્યક્તિની આંતરિક શક્તિનો આયનો છે. સામાન્ય રીતે વ્યક્તિ કોઈપણ પ્રસંગ બને ત્યારે પ્રસંગમાં વહીને એનો ભાગ બની જતો હોય છે અથવા એ પ્રસંગના સમયે બોલીને કે પછી વર્તન દ્વારા પ્રતિક્રિયા આપે છે. આ બન્ને પરિસ્થિતિઓ ઉપરાંત એક ત્રીજી અવસ્થા ઘટનામાંથી હકારાત્મક તર્ક નિકાળીને પ્રસંગનું મૂલ્યાંકન કરવાનો પણ છે.

એક આંતરરાષ્ટ્રીય કંપનીના અધિકારીઓ વચ્ચે બનેલી ઘટનાનો પ્રસંગ છે. રોજ સવારે કંપનીના ટીમ લીડર દ્વારા યોજાતી ટીમ મેમ્બર સાથેની રૂટિન મિટિંગમાં ટીમ લીડર અલ્પેશે એના ટીમ મેમ્બર રોનકને એક અગત્યનું ટાઈમ બાઉન્ડ ટાસ્ક સોંપ્યું. બીજા દિવસે સવારે ૧૧ વાગે ટીમ લીડર અલ્પેશ અને રોનકે કંપનીના પ્રેસ્ટિજિયસ કલાયંટ સામે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કરવાનું હતું.

રોનક અને એના ત્રણ ટીમ મેમ્બર્સ પ્રેઝન્ટેશન તૈયાર કરવા બેસી ગયા. સાંજે પાંચેક વાગ્યાની આસપાસ પ્રેઝન્ટેશન લગભગ તૈયાર થઈ ગયું. રોનક પ્રેઝન્ટેશનને ફાઈનલ ટચ આપી રહ્યો હતો કે, અચાનક કોમ્પ્યુટરની સ્કીન બ્લર થઈ ગઈ. વાયરસ એટેકના કારણે પ્રેઝન્ટેશન ક્રેશ થઈ ગયું હતું. ટીમ મેમ્બર્સની સાત આંઠ કલાકની મહેનત પાણીમાં જાય એવી સ્થિતિનુ નિર્માણ થઈ ગયું.

એવા સમયે સ્વાભાવિક રીતે જ રોનક અત્યંત ટેન્સ થઈ ગયો હતો. ત્યારે બાજુમાં બેઠેલા એક ટીમ મેમ્બર પલાશ એના પીસી ઉપર કાર્ટૂન ફિલ્મમાં મશગુલ હતો અને જોરથી હસતો હતો. રોનક એના ઉપર એકસાઈટ થઈ ગયો અને જોરથી બોલ્યો, ‘તારું મોઢું બંધ રાખ. કામની કોઈ ગંભીરતા જ નથી. કેવી બાળકબુદ્ધિ છે તારામાં...’ પલાશ ચૂપ થઈ ગયો. ફરી પાછા બધા વાયરસનું સોલ્યુશન શોધવા લાગ્યા. વાયરસનો તોડ મળી ગયો. પ્રેઝન્ટેશન પીસી ઉપર વ્યસ્થિત



રીતે રજૂ થવા લાગ્યું.

બધાનો અને ખાસ કરીને રોનકનો જીવ હેઠો બેઠો. પ્રેઝન્ટેશનને ફાઈનલ ટચઅપ કરીને એણે ટીમલીડર અલ્પેશને ઈ-મેઈલ કરીને હાશકારો અનુભવ્યો. બીજા દિવસે પેલી પ્રેસ્ટિજિયસ કંપની પ્રેઝન્ટેશનથી અત્યંત રાજી થઈ. કંપનીને કરોડોનો નવો કોન્ટ્રાકટ મળ્યો. ટીમ લીડરે અને કંપનીના સીઈઓએ રોનક અને બીજા ટીમ મેમ્બર્સની પીઠ થાબડીને સ્પેશિયલ રિવોર્ડ એનાઉન્સ કર્યો અને સાંજે નાની એવી પાર્ટી રાખીને કેક કટીંગ કરી સેલિબ્રેશન કર્યું. આ સેલિબ્રેશન વેળા પલાશ પણ હાજર હતો કે, જે કટોકટી વેળા કાર્ટૂન જોતા હસ્યો હતો. રોનકે પલાસ પાસે જઈને કહ્યું, ‘દોસ્ત, મને માફ કરજે ગઈકાલે ટેન્શનમાં મેં તને ન કહેવાનું કહી દીધું. આઈ એમ રીયલી વેરી સોરી.’ ત્યારે પલાશે કહ્યું, ‘નો સોરી, બટ ઈટ્સ થેન્કસ’

રોનકને આશ્ચર્ય થયું થેક્સ કેમ ? ત્યારે પલાશે સરસ વાત કરી કે, ‘તારા મનમાં ભરાયેલો કામ ન થવાના ગુસ્સાના અગ્નિને અને કામના દબાણને બહાર નીકળવાનો એક માર્ગ જોઈતો હતો તે મારા ઉપર ગુસ્સો કરીને મળી ગયો.’ એટલે એ ગુસ્સો વહી જવા માટે એ ઘટના આભારની અધિકારી છે. પલાશની વાતમાં દમ હતો. જયારે પણ વ્યક્તિ સામે કોઈ ઘટના બને ત્યારે એ ઘટનાને પોતાના મન ઉપર હાવી કરી દે છે. પલાશની જગાએ બીજો કોઈ હોત તો રોનકના શબ્દોને પકડી લઈને જીવનભર એની સાથે દુશ્મનાવટ રાખી હોત. જયારે પલાશે આ કટોકટી સમયની ઘટનાને ટર્નીંગ પોઈન્ટ જેવી ગણીને એનો સકારાત્મક અર્થ ઉજાગર કર્યો.

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં નાનીમોટી ઘટના રોજેરોજ બનતી હોય છે. વ્યક્તિ આ ઘટનાને કેવી રીતે સમજે છે અને પછી એની ઉપર કેવી પ્રતિક્રિયા આપે છે એની ઉપર આવનારા સમયની ખુશી અવલંબિત હોય છે. સાનુકૂળ પ્રસંગો કરતા પ્રતિકૂળ પરિસ્થિતિમાં વ્યક્તિના વ્યક્તિત્વનું સાચુ માપ મળી જાય છે. વ્યક્તિ જીવનમાં ઘણીવાર અસફળતાનો સામનો કરી શકે છે પરંતુ અસફળ પ્રસંગોમાંથી સકારાત્મક વિચાર હારને જીતમાં પરિવર્તિત કરી દે છે. સમુદ્રના કિનારે બેસીને લહેરો જોઈ રહેવાથી સમુદ્ર પાર ન કરી શકાય. એમાં ઝંપલાવવુ પડે, તરવું પડે. એમ પ્રતિકૂળ પ્રસંગોના સાગરમાં જ્યારે કુદો અને એમાંથી સકારાત્મક વિચારના મોતી કાઢો ત્યારે ખરો આનંદ આવે.

સકારાત્મકતા કોઈ પણ નકારાત્મકતા કરતાં વધુ સારી છે. એક સકારાત્મક વિચાર તમારી તમામ મુશ્કેલીઓ કદાચ દુર ન પણ કરી શકે પરંતુ અન્ય અનેકને એનાથી પ્રેરણા જરૂર મળી શકે છે. આજનો નાનકડો એક સકારાત્મક ખ્યાલ આખો દિવસ તરોતાજા બનાવી દે એવી ક્ષમતા ધરાવે છે. માણસ મનમાં સકારાત્મક અને નકારાત્મક અનેક ખ્યાલો પથરાયેલા હોય છે, પરંતુ જો વ્યકતિ આ સકારાત્મક અને નકારાત્મક ખ્યાલોને સુપેરે જોડી શકે તો એમાંથી ખુશીઓની ચિનગારી જોવા મળે.

**ધબકાર :**

આપણા મનની નકારાત્મક લાગણીઓ આપણે જે અનુભવીએ તેના લીધે નહીં પરંતુ આપણે એ અનુભવની સાથે જોડેલી આપણી કહાનીને લીધે હોય છે.